સરદાર ગુર્જરી

# આણંદ લો કોલેજ દ્વારા જોળમાં સાત દિવસીય વાર્ષિક રાષ્ટ્રીય સેવા યોજના શિબિરનું આયોજન






**આણંદ, તા.૨૫**


શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લો કોલેજ દ્વારા તા.૨૧ થી ૨૭ જાન્યુઆરી સુધી સાત દિવસીય રાષ્ટ્રીય સેવા યોજના વાર્ષિક શિબિરનું આયોજન જોળ ગામ ખાતે કરવામાં આવ્યું છે.

આ શિબિરનું મુખ્ય સૂત્ર "Not Me But You" છે. શિબિરના ઉદ્ઘાટન સમારોહમાં ગામના સરપંચ જગદીશભાઈ પરમાર, ગામના આગેવાનો, વડીલો અને ગામ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ડૉ. અમિતકુમાર પરમાર હાજર રહ્યાં હતા. ઉદ્ઘાટન સમારોહની શરૂઆત રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવક મિત્રો દ્વારા કરવામાં આવી હતી. વિક્રમ જોગરાણા (આ.પ્રો.આણંદ લો કોલેજ) દ્વારા મહેમાનોનું શાબ્દિક અને પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ઉદ્ઘાટન સમારોહના અંતમાં રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવક માનસી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. શિબિરને સફળ બનાવવા શિબિરના પ્રોગ્રામ ઓફિસર વિક્રમ જોગરાણા તેમજ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ દ્વારા યોગદાન આપવામાં આવેલ છે.

દિવ્ય સમાચાર

રવિવાર 09.01.2022

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ દ્વારા સંચાલિત આણંદ લો કોલેજના આચાર્ય ડૉ. અમિતકુમાર પરમાર અને આણંદ કોલેજ ઓફ લિગલ સ્ટડીઝના કા.આચાર્ય ડૉ. રેખાકુમારી સિંઘના પ્રેરણાત્મક માર્ગદર્શન હેઠળ તા. ૮ ના રોજ કોલેજના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન NSS અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે સેવાકીય પ્રવૃત્તિમાં જોડાય, એનએસએસની પ્રવૃત્તિઓનું મહત્વ સમજે, દરેક સ્વયંસેવકમાં સેવાની ભાવના ઉજાગર થાય તે હેતુસર આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. નિલેશ બારોટ (એસોસિયેટ પ્રોફેસર, શામળદાસ આર્ટ્સ કોલેજ, ભાવનગર) અને ડૉ.પરેશકુમાર મોરપરા (આસિસ્ટન્ટ પ્રોફેસર, બી.જે.વી.એમ. કોલેજ, વલ્લભ વિદ્યાનગર) ઉપસ્થિત રહ્યા હતા.

સુરત- શુક્રવાર, ૨૫ માર્ચ-૨૦૨૨

બદલતા ભારત

# આણંદ લૉ કૉલેજ દ્વારા સાત દિવસીય વાર્ષિક રાષ્ટ્રીય સેવા યોજના શિબિરનું જોળ ગામ ખાતે આયોજન



શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લૉ કૉલેજના આચાર્ય ડૉ. અમિતકુમાર પરમાર અને ફાઈવ યર્સ ઈન્ટીગ્રેટેડ લૉ કોર્ષના કો-ઓર્ડિનેટર ડૉ. રેખાકુમારી સિંઘના પ્રેરણાત્મક માર્ગદર્શન હેઠળ તા. ૨૧ થી ૨૭ જાન્યુઆરી ૨૦૨૨, ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના માટે વાર્ષિક શિબિરનું આયોજન જોળ ગામ ખાતે કરવામાં આવેલ છે. આ શિબિરનું મુખ્ય સૂત્ર 'Not Me But You' છે તેમજ આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ કાયદાના વિદ્યાર્થીઓ ગામના લોકો માટે સેવાના કામને અલગ-અલગ અનુભવથી જ્ઞાન દ્વારા સમજી શકે તે માટેનો અને અન્ય હેતુઓ જેવા કે સાત દિવસમાં કઈ-કઈ અલગ પ્રવૃત્તિ કરવી, ગ્રામ સફાઈ, વ્યસન મુક્તિ, અલગ-અલગ વિષય પર નિષ્ણાંત વ્યાખ્યાનનું આયોજન, વિદ્યાર્થીઓને ગ્રામ્ય પરિસ્થિતિ ઓથી જાગૃત કરવા તેમજ ગ્રામ્ય જીવન શું છે તે વિશેની માહિતીથી અવગત કરાવવા અને ગામના લોકોને પણ અલગ અલગ વિષય પર માહિતગાર કરવા માટેનો છે. આ રાષ્ટ્રીય સેવા યોજના શિબિરનો ઉદ્ઘાટન સમારોહ તા.૨૧ મી માર્ચ, ૨૦૨૨ ના રોજ રાખવામાં આવેલ હતો. આ સમારોહમાં મુખ્ય આમંત્રિત મહેમાનના ભાગરૂપે ગામના સરપંચ શ્રી જગદીશભાઈ પરમાર તેમજ અન્ય ગામના આગેવાનો, વડીલો અને ગ્રામ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સાથે આ શિબિરમાં કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ડૉ. અમિતકુમાર પરમાર હાજર રહ્યા હતા. આ ઉદ્ઘાટન સમારોહની શરૂઆત મુખ્યત્વે રાષ્ટ્રીય સેવા યોજના ના સ્વયંસેવક મિત્રો દ્વારા કરવામાં આવી હતી. જેમાં શ્રી વિક્રમ જોગરાણા (આ. પ્રો. આણંદ લૉ કૉલેજ) દ્વારા મહેમાનોનું શાબ્દિક અને પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથે ગ્રામજનોએ પોતાના અલગ-અલગ બાબતો પર મંતવ્યો પણ રજૂ કર્યા હતા. ઉદ્ઘાટન સમારોહ ના અંતમાં રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવક મિસ. માનસી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. તેમજ આ રાષ્ટ્રીય સેવા યોજના વાર્ષિક શિબિરનો સંપૂર્ણ ભાર શિબિરના પ્રોગ્રામ ઓફિસર શ્રી વિક્રમ જોગરાણા તેમજ સાથે શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ દ્વારા પણ મહત્વનું યોગદાન આપવામાં આવેલ છે.

હતું. ભારતીય જનતા પાર્ટી નો આ દિવસ ની દરેક ભાજપ પ્રદેશમાથી મળેલ સૂચના પોતાના ઘર બહાર પક્ષ નો કાર્યક્રમો આપવાના હતા જે કાર્યાલય

# આણંદ લો કોલેજ દ્વારા જોળ ગામ ખાતે સાત દિવસીય NSS વાર્ષિક શિબિરનો સમાપન સમારોહ યોજાયો





શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લો કોલેજના આચાર્ય ડૉ. અમિતકુમાર પરમાર અને ફાઈવ યર્સ ઈન્ટીગ્રેટેડ લો કોર્ષના કો-ઓર્ડીનેટર ડૉ. રેખાકુમારી સિંઘના પ્રેરણાત્મક માર્ગદર્શન હેઠળ તા. ૨૧ થી ૨૭ માર્ચ ૨૦૨૨, ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના માટે વાર્ષિક શિબિરનું આયોજન જોળ ગામ ખાતે કરવામાં આવેલ હતું. આ શિબિરનો સમાપન સમારોહ તા ૨૬/૦૩/૨૦૨૨ના રોજ રાખવામાં આવ્યો હતો. આ સમાપન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ.જાગૃતિબેન સુવેરા (એન.એસ.એસ. હેડ, સરદાર પટેલ યુનિવર્સીટી) અને આણંદ લો કોલેજના આચાર્ય ડૉ.અમિતકુમાર પરમાર હાજર રહ્યા હતા. આ સમાપન સમારોહની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી અને ત્યારબાદ સ્વયંસેવકો દ્વારા એન.એસ.એસ. ગીત રજુ કરવામાં આવ્યું હતું. મહેમાનોનો શાબ્દિક પરિચય પ્રોગ્રામ ઓફિસર શ્રી વિક્રમ જોગરાણા દ્વારા આપવામાં આવ્યો હતો અને ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં મુખ્ય મહેમાન ડૉ. જાગૃતિબેન સુવેરાએ શિબિરાર્થી સ્વયંસેવકોને એમના રોલ અને પ્રવૃત્તિ વીશે માહિતગાર કર્યા હતા અને સફળતાપૂર્વક શિબિર પૂર્ણ કરવા બદલ શુભેચ્છા પાઠવી હતી. આ સાથે કોલેજના આચાર્ય ડૉ. અમિતકુમાર પરમાર સાહેબે પણ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી અને શિબિરમાં કરેલ કામને પણ બિરદાવ્યા હતા. ત્યારબાદ શિબિરના બે સ્વયંસેવકોએ પોતાના અનુભવ વર્ણવ્યા હતા. કાર્યક્રમમાં આગળ પ્રોગ્રામ ઓફિસર શ્રી વિક્રમ જોગરાણા દ્વારા અહેવાલ વાંચન કરવામાં આવ્યું હતું જેમાં આ સાત દિવસની શિબિરના કાર્યો જેવા કે સવારમાં વહેલા ઉઠીને પ્રભાતફેરી કરવી, ગ્રામ સફાઈ, સંધ્યા ફેરી, પંચપ્રકલ્પ વિષયને ધ્યાનમાં રાખીને જાગૃતતા કાર્યક્રમો જેમાં પર્યાવરણ જાગૃતતા, પાણી બચાવો, ઓર્ગેનિક ખેતી, તેમજ બેટી બચાઓ બેટી પઢાઓ વિષય પર નાટક પણ ગામલોકો સમક્ષ રજુ કરવામાં આવ્યું હતું. તદ ઉપરાંત દરરોજ અલગ અલગ વિષય પર નિષ્ણાંત વ્યાખ્યાન પણ રાખાવામાં આવ્યા હતા. આ સમારોહના અંતમાં મિ. મીત્તલ દ્વારા વિદાઈગીત રજુ કરવામાં આવ્યું હતું અને બીજા સ્વયંસેવક દ્વારા આભારવિધિ પણ રજુ કરવામાં આવી હતી.

આ રાષ્ટ્રીય સેવા યોજના વાર્ષિક શિબિરને સફળ બનાવવા માટે શિબિરાર્થી સ્વયંસેવકો, ગ્રામજનો, શિબિરના પ્રોગ્રામ ઓફિસર તેમજ સાથે શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ દ્વારા પણ મહત્વનું યોગદાન આપવામાં આવ્યું હતું.

ડભો

## ટાંકી
## તો

ડભો
મોતીબાગ
પીવાના પા
માં પાણી
બનાવાઈ
જર્જરીત હા
ત્યારે તૂટી
છે સરકાર
છતા પાલી
ટાંકી પાલી
કોઈ કાય
આવી નથી
શાકમાર્કેટ
અવર-જવર
જીવ નું જ
વિરોધ પક્ષ
સ્થાનીકો
ડિમોલેશન
કરવામાં અ
ડભો
આવેલ હજ

સરદાર ગુર્જરી

# આણંદ કોલેજ ઓફ લિગલ સ્ટડીઝ દ્વારા એન.એસ.એસ. અભિમુખતા કાર્યક્રમ

**આણંદ, તા.૮**

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ દ્વારા સંચાલિત આણંદ લો કોલેજના આચાર્ય ડૉ. અમિતકુમાર પરમાર અને આણંદ કોલેજ ઓફ લિગલ સ્ટડીઝના કા.આચાર્યા ડૉ. રેખાકુમારી સિંઘના માર્ગદર્શન હેઠળ કોલેજના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન એન.એસ. એસ. અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરાયું હતું. વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે સેવાકીય પ્રવૃત્તિમાં જોડાય, એન. એસ.એસ.ની પ્રવૃતિનું મહત્વ સમજે, સ્વયંસેવકમાં સેવાની ભાવના ઉજાગર થાય તે હેતુસર કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં મુખ્ય વક્તા ડૉ. નિલેશ બારોટ (એસો. પ્રોફેસર, શામળદાસ આર્ટ્સ કોલેજ, ભાવનગર )દ્વારા એન.એસ.એસ.ના ઉદ્દભવ અને હેતુ અંગે સમજાવવામાં આવ્યું હતું. જ્યારે ડૉ. પરેશકુમાર મોરધરા (આસિ. પ્રો., બી.જે.વી.એમ. કોલેજ, વલ્લભ વિદ્યાનગર) દ્વારા એનએસએસ યુનિટ દ્વારા કરાતી વિવિધ પ્રવૃતિઓ અને એક સ્વયંસેવક તરીકેની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં બન્ને કોલેજના એન.એસ.એસ. યુનિટના અંદાજે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતાં. કાર્યક્રમમાં એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર વિક્રમ જોગરાણા અને રોનક પટેલ દ્વારા યોગદાન આપવામાં આવ્યું હતું.

બદલતા ભારત દૈનિક

સુરત- બુધવાર, ૧૪ સપ્ટેમ્બર-૨૦૨૨

# આણંદ લો કોલેજ NSS વિભાગ દ્વારા એક દિવસીય શિબિર યોજાઈ




તસ્વીર : સૈયદ મુસ્તુફામીયા (બોડેલી)

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ દ્વારા સંચાલિત આણંદ લો કોલેજના આચાર્ય ડૉ.અમિતકુમાર પરમાર અને સરદાર પટેલ યુનિવર્સીટી લો વિભાગના કા.ડીન અને કોલેજના નેક કો-ઓર્ડીનેટર ડૉ. રેખાકુમારી સિંઘના પ્રેરણાત્મક માર્ગદર્શન હેઠળ તા. ૧૦/૦૯/૨૦૨૨ ના રોજ કોલેજના વિદ્યાર્થીઓ માટે NSS એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે સેવાકીય પ્રવૃત્તિમાં જોડાય અને સેવાભાવના સાથે કામ કરે તેમજ એક દિવસીય શિબિરમાં કામ કરીને સ્વચ્છતાનું મહત્વ સમજે તેમજ તેની સાથે જ સમાજમાં અને આજુબાજુની સોસાયટીમાં રહેતા લોકો સાથે પણ કામ કરીને સમાજમાં એક અલગ વ્યક્તિત્વની છાપ ઉભી કરીને સાચા રસ્તે લઈ જવામાં મદદરૂપ થાય. આ શિબિરની શરૂઆતમાં ડૉ.રેખાકુમારી સિંઘ દ્વારા શિબિરના ઉદેશ્યો વિશે સમજાવવામાં આવ્યું હતું અને ડૉ.અમિતકુમાર પરમાર દ્વારા વિદ્યાર્થીઓને એન.એસ.એસ. ના સ્વયંસેવકનું સમાજમાં શું મહત્વ છે એ વિશે સમજાવવામાં આવ્યું હતું. ત્યારબાદ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર વિક્રમ જોગરાણા દ્વારા એનએસએસ યુનિટ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃતિઓ અને એક સ્વયંસેવક તરીકેની ભૂમિકા અંગે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું. આ શિબિરમાં સ્વયંસેવકો દ્વારા કોલેજના દરેક ક્લાસ તેમજ કેમ્પસમાં સાફ સફાઈ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજના એનએસએસ યુનિટના અંદાજે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમના અંતે મિ.વિક્રમ જોગરાણા પ્રોગ્રામ ઓફીસર, આણંદ લો કોલેજ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજના એન.એસ.એસના સ્વયંસેવકો દ્વારા મહત્વનું યોગદાન આપવામાં આવ્યું હતું.

બદલતા ભારત દૈનિક

સુરત- શનિવાર, ૧૪ ઓક્ટોબર-૨૦૨૩


# આણંદ લો કોલેજ NSS વિભાગ દ્વારા અમૃત કળશ યાત્રાનું આયોજન



તસ્વીર : એમ.એ. સૈયદ







(બદલતા ભારત દૈનિક)

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ દ્વારા સંચાલિત આણંદ લો કોલેજના આચાર્ય ડૉ.અમિતકુમાર પરમાર અને કોલેજના નેક કો-ઓર્ડીનેટર ડૉ. રેખાકુમારી સિંઘના પ્રેરણાત્મક માર્ગદર્શન હેઠળ તા. ૧૩/૧૦/૨૦૨૩ ના રોજ એન.એસ.એસ. વિભાગ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ ઉપક્રમે માટીને નમન, વીરોને વંદનના ઉદેશ સાથે કળશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌ પ્રથમ કોલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર, ડૉ. વિક્રમ જોગરાણા દ્વારા કાર્યક્રમના ઉદેશ્ય વિશે સમજાવવામાં આવ્યું હતું અને ત્યારબાદ એન.એસ.એસ.સ્વયંસેવક મિત્રો દ્વારા પોતાના ઘરેથી માટી લાવીને કળશમાં મુકવામાં આવી હતી અને પછી કોલેજ કેમ્પસમાં કળશયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આણંદ લો કોલેજના આચાર્ય ડૉ.અમિતકુમાર પરમાર સાહેબ તથા આણંદ લો કોલેજના નેક કો-ઓર્ડીનેટર ડૉ. રેખાકુમારી સિંઘ દ્વારા વિદ્યાર્થીઓને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવે જન્મભૂમિ અને અમર બલિદાનીઓના સન્માનમાં "માટીને નમન-વીરોને વંદન" નામનું દેશવ્યાપી અભિયાન શરૂ કરાવ્યું હતું તે અંતર્ગત આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લેવા માટે અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના એન.એસ.એસ. વિભાગ સાથે જોડાયેલ આશરે ૧૦૦ થી વધુ એન.એસ.એસ. સ્વયંસેવકો જોડાયા હતા. જે અંતર્ગત એન.એસ.એસ. વિભાગ સ્વયંસેવકોએ મહત્વનો ભાગ ભજવ્યો અને કાર્યક્રમને સફળ બનાવવાનો પ્રયત્ન કર્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. વિક્રમ જોગરાણા તેમજ મિસ. પ્રણાલી સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

બદલતા ભારત દૈનિક

સુરત- મંગળવાર, ૨૨ ઓગસ્ટ -૨૦૨૩

# ALC & ACLS દ્વારા 'Faculty Development Program' નું આયોજન












(બદલતા ભારત દૈનિક)

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લો કોલેજના આચાર્ય ડૉ. અમિતકુમાર પરમાર અને આણંદ કોલેજ ઓફ લીગલ સ્ટડીઝના કા. આચાર્યા ડૉ. રેખાકુમારી સિંઘના પ્રેરણાત્મક માર્ગદર્શન હેઠળ "An Explroation of Present Pedagogy Tools fro Teaching Communication Skills and Life Skills Management" વિષય પર બે મહિનાનો વર્ષ ૨૦૨૩ દરમ્યાન 'Faculty Development Program' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામનો મુખ્ય હેતુ સંસ્થાની દરેક ફેકલ્ટી સભ્યોને સંચાર કૌશલ્ય અને જીવન કૌશલ્ય વ્યવસ્થાપન શીખવવા માટેનો હતો. સાથે પ્રોગ્રામમાં અલગ-અલગ વિષય પર ફેકલ્ટી સભ્યોને વ્યવહારિક તેમજ સૈદ્ધાંતિક જ્ઞાન ઊંડાણપૂર્વક પૂરું પાડવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામના સફળતાપૂર્વક સંચાલનમાં ડૉ. અંજલી પરમાર (આસિસ્ટન્ટ પ્રોફેસર, એએલસી) દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

બદલતા ભારત દૈનિક

# આણંદ લો કોલેજ અને આણંદ કોલેજ ઓફ લીગલ સ્ટડીઝ દ્વારા એક દિવસીય વર્કશોપનું આયોજન





તસ્વીર : એમ.એ. સૈયદ



(બદલતા ભારત દૈનિક, સુરત) શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લો કોલેજના આચાર્ય ડૉ.અમિતકુમાર પરમાર અને આણંદ કોલેજ ઓફ લીગલ સ્ટડીઝના કા. આચાર્યા ડૉ. રેખાકુમારી સિંઘના પ્રેરણાત્મક માર્ગદર્શન હેઠળ તા. ૧૮ માર્ચ, ૨૦૨૩ ના રોજ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સહયોગ સાથે 'ONE DAY WORK-SHOP ON BASIC FIRST AID AND CPR TRAINING' નું આયોજન કરવામાં આવેલ. જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને આકસ્મિક આવશ્યકતાના સમયમાં વ્યક્તિને જે પણ બેઝીક ફર્સ્ટ એડ અને સીપીઆર મળવું જોઈએ તેની ટ્રેનીંગ આપીને જાગૃતિ લાવવાનો તેમજ માહિતગાર કરવાનો હતો. આ વર્કશોપની શરૂઆત મુખત્વે પ્રાર્થના, એસઆરકેએસએમ ગીત અને દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. જેમાં ડૉ. અમિતકુમાર પરમાર દ્વારા આમંત્રિત મહાનુભાવોની સ્વાગત વિધિ, તેમનો પરિચય અને કાર્યક્રમનો ઉદ્દેશ જણાવવામાં આવેલ અને સાથે આમંત્રિત મહાનુભાવોનું પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવેલ. વર્કશોપમાં આમંત્રિત મહાનુભાવોના ભાગરૂપે શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (માનનીય સચિવ, શ્રી રામકૃષ્ણ સેવા મંડળ) દ્વારા કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા સંદેશ અને આશીર્વાદ પાઠવવામાં આવેલ. તેમજ શ્રી હેમંતભાઈ જે. પટેલ (પ્રેસિડેન્ટ, શ્રી રામકૃષ્ણ સેવા મંડળ) દ્વારા આશીર્વચન સાથે પ્રેસિડેન્સીયલ સ્પીચ આપવમાં આવેલ. તદઉપરાંત આ કાર્યક્રમમાં શ્રી આર. એન. સિંઘ (ડાયરેક્ટર ઓફ એસીએલએસ, એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ) દ્વારા મૂલ્યવાન હાજરી આપવામાં આવી હતી. ત્યારબાદ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા બંને સંસ્થાના આચાર્યશ્રીઓનું સર્ટીફીકેટ અને મેમેન્ટો દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું અને સાથે એનએસએસ પ્રોગ્રામ ઓફિસર્સ અને વર્કશોપના કોર્ડીનેટર્સ તરીકે કાર્યરત ડૉ. વિક્રમ જોગરાણા (ALC) અને મિ. રોનક પટેલ (ACLS) નું પણ સર્ટીફીકેટ આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું. સાથે વિદ્યાર્થીઓને પણ સર્ટીફીકેટ આપીને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમના સેશન – I માં નિષ્ણાંત વક્તા તરીકે મિસ. મનીષા સોલંકી (પ્રોગ્રામ ડાયરેક્ટર, જેઆરસી/વાયઆરસી/એફએ, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી) તેમજ સેશન – II માં નિષ્ણાંત વક્તા તરીકે મિ. નરેશ ગોહિલ (ડાયરેક્ટર, જેઆરસી/વાયઆરસી/એફએ, યુથ રેડ ક્રોસ પ્રોગ્રામ) ઉપસ્થિત રહ્યા હતા અને તેમના દ્વારા વિદ્યાર્થીઓને યુથ રેડ ક્રોસનું મહત્વ તેના કાર્યો, પ્રાથમિક સારવાર કેવી રીતે કરવી અને બાળક અને પુખ્તવયના લોકોને સીપીઆર કેવી રીતે આપવું તે ઉદાહરણ સાથે ટ્રેનીંગ આપીને સૈદ્ધાંતિક તેમજ પ્રેક્ટિકલ જ્ઞાન આપવામાં આવેલ. આ વર્કશોપમાં લો કોલેજના કુલ ૨૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતમાં ડૉ. વિક્રમ જોગરાણા દ્વારા આભારવિધિ પ્રગટ કરવામાં આવી હતી અને રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમને પૂર્ણાહુતિ તરફ લઈ જવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં બંને સંસ્થાના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી અને સાથે કોલેજના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ દ્વારા પણ મહત્વનું યોગદાન આપવામાં આવ્યું હતું.

બદલતા ભારત દૈનિક

સુરત- મંગળવાર, ૨૨ ઓગસ્ટ -૨૦૨૩

# આણંદ લો કોલેજ NSS વિભાગ દ્વારા વૃક્ષ વિતરણ કાર્યક્રમ યોજાયો







તસ્વીર : એમ.એ. સૈયદ




(બદલતા ભારત દૈનિક)

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ દ્વારા સંચાલિત આણંદ લો કોલેજના આચાર્ય ડૉ.અમિતકુમાર પરમાર અને સરદાર પટેલ યુનિવર્સીટી લો વિભાગના કા.ડીન અને કોલેજના નેક કો-ઓર્ડીનેટર ડૉ. રેખાકુમારી સિંઘના પ્રેરણાત્મક માર્ગદર્શન હેઠળ તા. ૧૨/૦૮/૨૦૨૩ ના રોજ કોલેજના વિદ્યાર્થીઓ માટે એન.એસ.એસ. વિભાગ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અને મેરી મીટ્ટી મેરા દેશ અંતર્ગત વિદ્યાર્થીઓને વૃક્ષોનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં આણંદ લો કોલેજના આચાર્ય ડૉ.અમિતકુમાર પરમાર સાહેબ તથા આણંદ લો કોલેજના નેક કો-ઓર્ડીનેટર ડૉ. રેખાકુમારી સિંઘ દ્વારા વિદ્યાર્થીઓને તેમજ કોલેજના દરેક ફેકલ્ટી મેમ્બેર્સને વૃક્ષોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૧૧૦ વૃક્ષોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડૉ. રેખાકુમારી સિંઘ મેડમ દ્વારા વૃક્ષોનું મહત્વ સમજાવી આઝાદી કા અમૃત મહોત્સવ અને મેરી મીટ્ટી મેરા દેશ કાર્યક્રમની સરાહના કરી હતી. આ કાર્યક્રમમાં કોલેજના એન.એસ.એસ. વિભાગ સાથે જોડાયેલ આશરે ૧૦૦ થી વધુ એ ન . એ સ . એ સ . સ્વયંસેવકો જોડાયા હતા. જે અંતર્ગત એન.એસ.એસ. વિભાગ સ્વયંસેવકોનેએ મહત્વનો ભાગ ભજવ્યો અને કાર્યક્રમને સફળ બનાવવાનો પ્રયત્ન કર્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. વિક્રમ જોગરાણા તેમજ મિસ. પ્રણાલી સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

BARODA HALCHAL (Weekly) Date : 17-11-2022, Thuresday



# ALC અને ACLS કોલેજના વિદ્યાર્થીઓએ એન.એસ.એસ. એડવેન્ચર કેમ્પમાં ભાગ લીધો



આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે, સરદાર પટેલ યુનિવર્સીટી, વલ્લભ વિદ્યાનગર હેઠળ એન.એસ.એસ. એડવેન્ચર કેમ્પનું આયોજન તા. ૨૭ મી ઓક્ટોબર, ૨૦૨૨ થી તા. ૫ મી નવેમ્બર ૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ જેમાં શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લો કોલેજ અને આણંદ કોલેજ ઓફ લીગલ સ્ટડીઝના કુલ ૪ વિદ્યાર્થીઓ તેમજ ACLS ના પ્રોગ્રામ કો. ઓર્ડિનેટર મિ. રોનકભાઈ પટેલે સરદાર પટેલ યુનિવર્સીટીનું પ્રતિનિધિત્વ કરી રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધો હતો. અને સાથે ગુજરાતમાંથી જુદીજુદી કોલેજના અન્ય વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ એન.એસ.એસ. એડવેન્ચર કેમ્પનું આયોજન મુખ્યત્વે Govt. Of India, Ministry of Youth Affairs Sports NSS Regional Directorate, Ahmedabad દ્વારા નારકંડા, જીલ્લો. શિમલા, હિમાચલ પ્રદેશમાં કરવામાં આવેલ હતું. આ કેમ્પનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને Tracking, Climbing, Rock, Jumaring, Velly Crossing વિગેરે જેવી સાહસિક પ્રવૃત્તિઓથી વ્યવહારુ અને સૈદ્ધાંતિક જાણકારી આપવાનો હતો જેથી તેઓના જીવનમાં સાહસિકતા કેળવાય અને હાલમાં તેમજ ભવિષ્યમાં આવનારી કુદરતી આફતો સામે કેવી રીતે લડત આપવી તે વિશે તેમને તૈયાર કરવાનો હતો. આ સાથે શ્રી રામકૃષ્ણ સેવા મંડળના માનદ્ મંત્રી શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ અને પ્રમુખ શ્રી હેમંતભાઈ જે. પટેલ તથા ALC કોલેજના આચાર્ય ડો. અમિતકુમાર પરમાર અને ACLS ના કા. આચાર્યા ડો રેખાકુમારી સિંઘ; અફઈ એન.એસ.એસ. પ્રોગ્રામ કો. ઓર્ડિનેટર મિ. વિક્રમ જોગરાણા તેમજ સ્ટાફમિત્રો દ્વારા મિ. રોનકભાઈ પટેલ અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

ચરોતરનો અવાજ
બુધવાર તા. 31 ઓગસ્ટ-2022

# રામકૃષ્ણ સેવા મંડળ દ્વારા સંચાલિત આણંદ લો કોલેજ દ્વારા યોજાયેલ NSS અભિમુખતા કાર્યક્રમ યોજાયો





આણંદ, તા. 31

આણંદ લો કોલેજના આચાર્ય ડૉ.અમિતકુમાર પરમાર અને સરદાર પટેલ યુનિવર્સીટી લો વિભાગના કા.ડીન અને કોલેજના નેક કો-ઓર્ડીનેટર ડૉ. રેખાકુમારી સિંઘના પ્રેરણાત્મક માર્ગદર્શન હેઠળ તા. ૩૦/૦૮/૨૦૨૨ ના રોજ કોલેજના વિદ્યાર્થીઓ માટે NSS અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે સેવાકીય પ્રવૃત્તિમાં જોડાય, એનએસએસની પ્રવૃત્તિઓનું મહત્વ સમજે, દરેક સ્વયંસેવકમાં સેવાની ભાવના ઉજાગર થાય તે હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. વિજય પાનસુરીયા સાહેબ (એસોસિયેટ પ્રોફેસર, આણંદ કોમર્સ કોલેજ, આણંદ) અને રોનકભાઈ પટેલ (એન. એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર, આણંદ કોલેજ ઓફ લિગલ સ્ટડીઝ, આણંદ) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ.અમિતકુમાર પરમાર દ્વારા મહેમાનોનો પરિચય અને શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉ.રેખાકુમારી સિંઘ દ્વારા કાર્યક્રમના ઉદ્દેશ્યો વિશે સમજાવવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય આમંત્રિત મહેમાન તરીકે પધારેલ ડૉ. વિજય પાનસુરીયા સાહેબ દ્વારા એન.એસ.એસ.ના ઉદભવ, હેતુ અને એનએસએસ યુનિટ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવુત્તિઓ અંગે સમજાવવામાં આવ્યું હતું. ત્યારબાદ રોનકભાઈ પટેલ દ્વારા એક સ્વયંસેવક તરીકેની ભૂમિકા અંગે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના એનએસએસ સાથે જોડાયેલ આશરે ૩૦૦ થી વધુ એન.એસ.એસ. સ્વયંસેવકો જોડાયા હતા. કાર્યક્રમના અંતે મિ. વિક્રમ જોગરાણા પ્રોગ્રામ ઓફીસર, આણંદ લો કોલેજ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન ડૉ.રચના રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક તેમજ એન.એસ.એસ. સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

મંગળવાર 27.09.2022

# દિવ્ય સમાચાર

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ દ્વારા સંચાલિત આણંદ લો કોલેજના આચાર્ય ડૉ.અમિતકુમાર પરમાર અને સરદાર પટેલ યુનિવર્સીટી લો વિભાગના કા.ડીન અને કોલેજના નેક કો-ઓર્ડીનેટર ડૉ. રેખાકુમારી સિંઘના પ્રેરણાત્મક માર્ગદર્શન હેઠળ તા.૨૪ ને શનિવારના રોજ એન.એસ.એસ. વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે "NSS Day" ની ઉજવણી કરવામાં આવી હતી.



બુધવાર 14.09.2022

# દિવ્ય સમાચાર




શ્રી રામકૃષ્ણ સેવા મંડળ દ્વારા સંચાલિત આણંદ લો કોલેજના આચાર્ય ડો.અમિતકુમાર પરમાર અને સરદાર પટેલ યુનિવર્સિટી લો વિભાગના કા.ડીન અને કોલેજના નેક કો-ઓર્ડીનેટર ડો.રેખા કુમારી સિંઘના પ્રેરણાત્મક માર્ગદર્શન હેઠળ તા. ૧૦ ના રોજ કોલેજના વિદ્યાર્થીઓ માટે NSS એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.આ શિબિરમાં સ્વયંસેવકો દ્વારા કોલેજના દરેક ક્લાસ તેમજ કેમ્પસમાં સાફ સફાઈ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજના એનએસએસ યુનિટના અંદાજે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમના અંતે મિ.વિક્રમ જોગરાણા પ્રોગ્રામ ઓફિસર, આણંદ લો કોલેજ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજના એન.એસ.એસ ના સ્વયંસેવકો દ્વારા મહત્વનું યોગદાન આપવામાં આવ્યું હતું.

દિવ્ય સમાચાર

ગુરુવાર 17.11.2022

# ALC અને ACLS કોલેજના વિદ્યાર્થીઓએ એન.એસ.એસ. એડવેન્ચર કેમ્પમાં ભાગ લીધો

આણંદ,તા.૧૬

આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે, સરદાર પટેલ યુનિવર્સીટી, વલ્લભ વિદ્યાનગર હેઠળ એન.એસ.એસ. એડવેન્ચર કેમ્પનું આયોજન તા. ૨૭ મી ઓક્ટોબર, ૨૦૨૨ થી તા. ૫ મી નવેમ્બર ૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ જેમાં શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ લો કોલેજ અને આણંદ કોલેજ ઓફ લીગલ સ્ટડીઝના કુલ ૪ વિદ્યાર્થીઓ તેમજ છઋન્જી ના



પ્રોગ્રામ કો.ઓર્ડિનેટર મિ. રોનકભાઈ પટેલે સરદાર પટેલ યુનિવર્સીટીનું પ્રતિનિધિત્વ કરી રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધો હતો. અને સાથેગુજરાતમાંથી જુદીજુદી કોલેજના અન્ય વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ એન.એસ.એસ. એડવેન્ચરકેમ્પનું આયોજન મુખ્યત્વે "Govt. Of India, Ministry of Youth Affairs & Sports NSS Regional Directorate, Ahmedabad" દ્વારા નારકંડા, જીલ્લો. શિમલા, હિમાચલ પ્રદેશમાં કરવામાં આવેલ હતું. આ કેમ્પનોમુખ્ય હેતુ વિદ્યાર્થીઓને Tracking, Climbing, Rock, Jumaring, Velly Crossing વિગેરે જેવી સાહસિકપ્રવૃત્તિઓથી વ્યવહારુ અને સૈદ્ધાંતિક જાણકારી આપવાનો હતો જેથી તેઓના જીવનમાં સાહસિકતા કેળવાય અને હાલમાંતેમજ ભવિષ્યમાં આવનારી કુદરતી આફતો સામે કેવી રીતે લડત આપવી તે વિશે તેમને તૈયાર કરવાનો હતો. આ સાથે શ્રીરામકૃષ્ણ સેવા મંડળના માનદ્ મંત્રી જ્યોત્સનાબેન પટેલ અને પ્રમુખ શ્રી હેમંતભાઈ જે. પટેલ તથા ALC કોલેજનાઆચાર્ય ડૉ. અમિતકુમાર પરમાર અને ACLS ના કા. આચાર્યા ડૉ રેખાકુમારી સિંઘ; એન.એસ.એસ. પ્રોગ્રામ કો.ઓર્ડિનેટર મિ. વિક્રમ જોગરાણા તેમજ સ્ટાફમિત્રો દ્વારા મિ. રોનકભાઈ પટેલ અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# આણંદ લો કોલેજ અને કોલેજ ઓફ લીગલ સ્ટડીઝ દ્વારા એક દિવસીય વર્કશોપનું આયોજન

આણંદ,તા.૨૧

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લો કોલેજના આચાર્ય ડૉ.અમિતકુમાર પરમાર અને આણંદ કોલેજ ઓફ લીગલ સ્ટડીઝના કા. આચાર્યા ડૉ. રેખાકુમારી સિંધના પ્રેરણાત્મક માર્ગદર્શન હેઠળ તા. ૧૮ માર્ચ, ૨૦૨૩ ના રોજ ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સહયોગ સાથે 'ONE DAY WORKSHOP ON BASIC FIRST AID AND CPR TRAINING' નું આયોજન કરવામાં આવેલ. જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને આકસ્મિક આવશ્યકતાના સમયમાં વ્યક્તિને જે પણ બેઝીક ફર્સ્ટ એડ અને સીપીઆર મળવું જોઈએ તેની ટ્રેનીંગ આપીને જાગૃતિ લાવવાનો તેમજ માહિતગાર કરવાનો હતો. આ વર્કશોપની શરૂઆત મુખત્વે પ્રાર્થના, એસઆરકેએસએમ ગીત અને દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. જેમાં ડૉ. અમિતકુમાર પરમાર દ્વારા આમંત્રિત મહાનુભાવોની સ્વાગત વિધિ, તેમનો પરિચય અને કાર્યક્રમનો ઉદેશ જણાવવામાં આવેલ અને સાથે આમંત્રિત સ્વાગત કરાયું હતું.



# આણંદ લો કોલેજ એન.એસ.એસ. વિભાગ દ્વારા યુવા મતદાર મહોત્સવ જાગૃતતા કાર્યક્રમ યોજાયો




**આણંદ, તા. ૨૩**


શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લો કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા યુવા મતદાર મહોત્સવ ૨૦૨૨ જાગૃતતા કાર્યક્રમનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિભૂતિ જોશી દ્વારા એન્કરીગ કરવામાં આવ્યું હતું ત્યારબાદ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર વિક્રમ જોગરાણા દ્વારા મતદાર મહોત્સવ વિશે તેમજ એન.એસ.એસ. સ્વયંસેવક કેવી રીતે સમાજ ઉપયોગી બનીને જાગૃતતા લાવશે તેના પર સમજાવવામાં આવ્યું હતું. કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર દિક્ષિતા સુથાર દ્વારા પણ મતદાર મહોત્સવ વિષે સમજાવવામાં આવ્યું હતું.

હર્ષિલ ઠક્કર દ્વારા ઓનલાઈન મતદાર યાદીમાં કેવી રીતે નામ નોંધાવવું તેમજ એપ્લીકેશન અને અલગ અલગ ફોર્મ કેવી રીતે ભરવા તેના પર સમજાવવામાં આવ્યું હતું. કિંજલ પઢિયાર દ્વારા મતદાર શપથ લેવડાવવામાં આવી હતી અને અંતમાં સ્ટીવ દ્વારા આભારવિધી કરવામાં આવી હતી.

સરદાર ગુર્જરી
મંગળવાર, તા. ૨૭-૯-૨૦૨૨

# આણંદ લો કોલેજમાં 'એન.એસ.એસ. ડે'ની ઉજવણી



આણંદ,તા.૨૬

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ દ્વારા સંચાલિત આણંદ લો કોલેજમાં એન.એસ.એસ. વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે 'એન.એસ.એસ. ડે' ની ઉજવણી કરવામાં આવી હતી.

આ દિવસે કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. રેખાકુમારી સિંઘ દ્વારા સેવા માટેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે સેવાકીય પ્રવૃતિમાં જોડાય, એન.એસ.એસ.ની પ્રવૃતિઓનું મહત્વ સમજે, દરેક સ્વયંસેવકમાં સેવાની ભાવના ઉજાગર થાય તે સમજાવવામાં આવ્યું હતું. ત્યારબાદ વિક્રમ જોગરાણા, પ્રોગ્રામ ઓફિસર, આણંદ લો કોલેજનાઓએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. રોનકભાઈ પટેલ (એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર, આણંદ કોલેજ ઓફ લિગલ સ્ટડીઝ, આણંદ) ઉપસ્થિત રહ્યા હતાં.

સાત દિવસીય વાર્ષિક કેમ્પમાં જોડાયેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમમાં કોલેજના એન.એસ.એસ. સાથે જોડાયેલ આશરે ૧૫૦ થી વધુ એન.એસ.એસ. સ્વયંસેવકો જોડાયા હતાં. કાર્યક્રમના અંતે વિષ્ણુ રબારી દ્વારા આભારવિધી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન હિતેષા ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

સરદાર ગુર્જરી
શનિવાર, તા. ૩-૯-૨૦૨૨

# આણંદ લૉ કૉલેજ દ્વારા એનએસએસ અભિમુખતા કાર્યક્રમ યોજાયો





આણંદ, તા. ૨

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લૉ કૉલેજના વિદ્યાર્થીઓ માટે એનએસએસ અભિમુખતા કાર્યક્રમનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. વિજય પાનસુરીયા (એસોસિએટ પ્રોફેસર, આણંદ કોમર્સ કૉલેજ, આણંદ) અને રોનકભાઈ પટેલ (એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર, આણંદ કૉલેજ ઓફ લિગલ સ્ટડીઝ, આણંદ) ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. અમિતકુમાર પરમાર દ્વારા મહેમાનોનો પરિચય અને શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉ. રેખાકુમારી સિંઘ દ્વારા કાર્યક્રમના ઉદ્દેશ્યો વિશે સમજાવવામાં આવ્યું હતું.

ડૉ. વિજય પાનસુરીયા દ્વારા એન.એસ.એસ.ના ઉદ્ભવ, હેતુ અને એનએસએસ યુનિટ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે સમજાવવામાં આવ્યું હતું. રોનકભાઈ પટેલે સ્વયંસેવક તરીકેની ભૂમિકા અંગે મહત્ત્વનું માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અંતે વિક્રમ જોગરાણા પ્રોગ્રામ ઓફિસર, આણંદ લૉ કૉલેજ દ્વારા આભારવિધિ અને કાર્યક્રમનું સંચાલન ડૉ. રચના રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.

સરદાર ગુર્જરી

બુધવાર, તા. ૨૪-૮-૨૦૨૨

# આણંદ લો કોલેજ એન.એસ.એસ. વિભાગ દ્વારા યુવા મતદાર મહોત્સવ જાગૃતતા કાર્યક્રમ યોજાયો



આણંદ, તા. ૨૩


શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લો કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા યુવા મતદાર મહોત્સવ ૨૦૨૨ જાગૃતતા કાર્યક્રમનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિભૂતિ જોશી દ્વારા એન્કરીંગ કરવામાં આવ્યું હતું ત્યારબાદ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર વિક્રમ જોગરાણા દ્વારા મતદાર મહોત્સવ વિશે તેમજ એન.એસ.એસ. સ્વયંસેવક કેવી રીતે સમાજ ઉપયોગી બનીને જાગૃતતા લાવશે તેના પર સમજાવવામાં આવ્યું હતું. કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર દિક્ષિતા સુથાર દ્વારા પણ મતદાર મહોત્સવ વિષે સમજાવવામાં આવ્યું હતું.

હર્ષિલ ઠક્કર દ્વારા ઓનલાઈન મતદાર યાદીમાં કેવી રીતે નામ નોંધાવવું તેમજ એપ્લીકેશન અને અલગ અલગ ફોર્મ કેવી રીતે ભરવા તેના પર સમજાવવામાં આવ્યું હતું. કિંજલ પઢિયાર દ્વારા મતદાર શપથ લેવડાવવામાં આવી હતી અને અંતમાં સ્ટીવ દ્વારા આભારવિધી કરવામાં આવી હતી.

સરદાર ગુર્જરી ગુરુવાર, તા. ૧૭-૧૧-૨૦૨૨

# એ.એલ.સી. અને એસીએલએસ કોલેજના વિદ્યાર્થીઓએ એન.એસ.એસ. એડવેન્ચર કેમ્પમાં ભાગ લીધો



આણંદ, તા.૧૬

આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર હેઠળ એન.એસ.એસ. એડવેન્ચર કેમ્પનું આયોજન તા. ૨૭ મી ઓક્ટોબર થી તા. ૫ મી નવેમ્બર સુધી હિમાચલ પ્રદેશના નારકંડા ખાતે કરવામાં આવેલ.

જેમાં શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લૉ કોલેજ અને આણંદ કોલેજ ઓફ લીગલ સ્ટડીઝના કુલ ૪ વિદ્યાર્થીઓ તેમજ એસીએલએસ ના પ્રોગ્રામ કો. ઓર્ડિનેટર રોનકભાઈ પટેલે સરદાર પટેલ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરી રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધો હતો તેઓની સાથે ગુજરાતમાંથી જુદી જુદી કોલેજના અન્ય વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો.

તે બદલ રામકૃષ્ણ સેવા મંડળના માનદ્ મંત્રી જ્યોત્સનાબેન પટેલ, પ્રમુખ હેમંતભાઈ જે.પટેલ તથા એ.એલ.સી. કોલેજના આચાર્યા ડૉ. અમિતકુમાર પરમાર અને એસીએલએસ ના કા. આચાર્યા ડૉ. રેખાકુમારી સિંઘ, એએલસી એન.એસ.એસ. પ્રોગ્રામ કો. ઓર્ડિનેટર વિક્રમ જોગરાણા તેમજ સ્ટાફમિત્રો દ્વારા રોનકભાઈ પટેલ અને વિદ્યાર્થીઓનો અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

સરદાર ગુર્જરી



# આણંદ લો કોલેજના NSS વિભાગ દ્વારા ટ્રાફિક પોલીસનું સન્માન



આણંદ, તા.૧૩

આણંદ લો કોલેજના NSS વિભાગ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અને મેરી મીટ્ટી મેરા દેશ અંતર્ગત જિલ્લા ટ્રાફિક શાખાના પોલીસ અધિકારીનું તથા ટ્રાફિક પોલીસ કર્મીઓને છોડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં મુખ્ય અધિકારી એચ.આર. પ્રજાપતિએ વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમો, ટ્રાફિકના કાયદા વિશે માહિતી આપી ભવિષ્યમાં આગળ વધવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ડો.વિક્રમ જોગરાણા, NSS પ્રોગ્રામ ઓફિસર, આણંદ લો કોલેજ, આણંદ દ્વારા મુખ્ય અધિકારી એચ.આર. પ્રજાપતિનો પરિચય અને છોડ આપી શાબ્દિક સ્વાગત કરાયું હતું. ત્યારબાદ બીજા ટ્રાફિક કર્મીઓને વિદ્યાર્થીઓ દ્વારા છોડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના NSS સ્વયંસેવકો જોડાયા હતા. કાર્યક્રમનું સંચાલન ડો.વિક્રમ જોગરાણા તેમજ પ્રણાલી સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.